# લિસ્ટેડ ઇક્વિટી શૅર પર થતી ખોટ ક્લેમ કરવા સંબંધે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ

**ટૅક્સ રામાયણ**
પરેશ કપાસી



**સૌથી** પહેલાં તો એ જાણી લેવું જરૂરી છે કે ડીલિસ્ટેડ શૅર પરની ખોટને ખોટ ગણી શકાતી નથી. જ્યારે કંપની ફડચામાં જાય અથવા તો શૅરની ખરીદીની ઇન્ડેક્સ્ડ કિંમત કરતાં ઓછા મૂલ્યે તમે બીજી કોઈ વ્યક્તિને શૅર ટ્રાન્સફર કરો ત્યારે જ એ ખોટ ક્લેમ કરી શકાય છે.

એક વ્યક્તિએ ડીલિસ્ટેડ શૅર બાબતે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછ્યો છે. એમનું કહેવું છે કે એમણે વર્ષ ૨૦૧૫માં લિસ્ટેડ કંપનીના શૅર ખરીદ્યા હતા. આ કંપનીના શૅરમાં ૨૦૧૭માં ટ્રેડિંગ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૮માં એમણે એક લિસ્ટેડ કંપનીના શૅરનું વેચાણ કર્યું હતું, જેમાં એમને લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇન મળ્યો હતો. એમનો સવાલ છે કે ડીલિસ્ટેડ કંપનીના શૅરના વેચાણમાં થયેલી ખોટને લિસ્ટેડ શૅરના વેચાણથી થયેલા લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનની સામે કેવી રીતે સરભર કરી શકાય.

આ સવાલના જવાબમાં જણાવવાનું કે આવકવેરા ધારા મુજબ કૅપિટલ એસેટની ટ્રાન્સફર થાય ત્યારે જ કૅપિટલ ગેઇન કે લૉસનો સવાલ ઊભો થાય છે. ટ્રાન્સફરમાં સંબંધિત એસેટ પરના અધિકારના અંતનો સમાવેશ થાય છે. તમે જે લિસ્ટેડ કંપનીના શૅરમાં રોકાણ કર્યું હતું એ શૅર ફક્ત ડીલિસ્ટ કરવામાં આવ્યા છે, એના પરના અધિકારનો અંત આવ્યો નથી. આ કારણસર તમને કોઈ કૅપિટલ ગેઇન કે લૉસ થયો હોય એવું કહી શકાય નહીં. તમારા રોકાણની રકમ ભલે પાછી મળવાની શક્યતા ન હોય, પરંતુ એની ખોટને તમે ક્લેમ કરી શકો નહીં, કારણ કે એ શૅર પરના અધિકારનો અંત આવ્યો નથી અને તમે એની ટ્રાન્સફર પણ કરી નથી.

તમે જેમાં રોકાણ કર્યું હોય એ કંપની ફડચામાં જાય અથવા તમે શૅર ખરીદ્યા હોય એની ઇન્ડેક્સ્ડ કિંમત કરતાં ઓછા મૂલ્યે એનું બીજી વ્યક્તિને વેચાણ કર્યું હોય તો તમે ખોટને ક્લેમ કરી શકો છો. આવી લૉન્ગ ટર્મ કૅપિટલ લૉસને તમે લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનની સામે મજરે લઈ શકો છો. તમે નાણાકીય વર્ષ ૨૦૧૮-'૧૯માં કરેલા લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનને આકારણી વર્ષ ૨૦૧૯-'૨૦ના રિટર્નમાં ડિક્લેર કરવો જરૂરી હતો.

અન્ય એક કરદાતાનો સવાલ છે કે હાલ ડીએચએફએલ અને લક્ષ્મી વિલાસ બૅન્ક જેવી કંપનીઓનું સ્ટૉક એક્સચેન્જો પર ટ્રેડિંગ થઈ રહ્યું નથી, કારણ કે એમની સામે નાદારીના કાયદા હેઠળ કાર્યવાહી ચાલી રહી છે. શૉર્ટ ટર્મ લૉસ ક્લેમ કરવા માટે એ કેવી રીતે જાણવું કે કઈ કંપની ફડચામાં ગઈ છે?

ઉક્ત સવાલના જવાબમાં કહેવાનું કે લક્ષ્મી વિલાસ બૅન્કનું ડીબીએસ બૅન્ક ઇન્ડિયા સાથે અમાલ્ગમેશન થયું છે. અનેક અદાલતી કાર્યવાહીમાં એવું પુરવાર થયેલું છે કે અમાલ્ગમેટિંગ કંપનીના શૅર પરના શૅરધારકના અધિકારનો અમાલ્ગમેશન બાદ અંત આવે છે. ઉક્ત બૅન્કના મર્જરની સ્કીમ ૨૭ નવેમ્બર, ૨૦૨૦થી અમલમાં આવ્યા બાદ લક્ષ્મી વિલાસ બૅન્કના શૅર પરના હકનો અંત આવી ગયો છે. આથી નાણાકીય વર્ષ ૨૦૨૦-'૨૧ માટે ખોટને ક્લેમ કરી શકાય છે. જો એની સામે મજરે લેવા માટે કૅપિટલ ગેઇન હોય નહીં તો ખોટને કૅરી ફૉર્વર્ડ કરી શકાય છે. એ શૅર લિસ્ટેડ હતા અને એથી જો શૅરધારકે ૧૨ મહિના કરતાં વધારે સમય સુધી એ શૅર રાખ્યા હોય તો એને લૉન્ગ ટર્મ કૅપિટલ એસેટ કહેવાશે. લૉન્ગ ટર્મ કૅપિટલ લૉસ ફક્ત લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનની સામે સેટ ઑફ કરી શકાય છે. જોકે શૉર્ટ ટર્મ કૅપિટલ લૉસને શૉર્ટ અને લૉન્ગ ટર્મ કૅપિટલ ગેઇનની સામે સેટ ઑફ કરી શકાય છે. આમ, આ શૅરધારક પોતાના હોલ્ડિંગ પિરિયડના આધારે ખોટને સરભર કરી શકે છે.



લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.